Eternity Literature & Social Science Review Journal (ELSSRJ)

Vollume : 2 ,Issue No : 2 e- ISSN:2456-3528

## Title of Article

# શિક્ષણ માટે પડકારૂપ ગરીબી-બેકારી-એક સમસ્યા

## Author/Researchers

ડૉ. કે.બી.ચૌધરી

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, તલોદ

Issue Month& Year

**April 2017**

Editor-In-Chief

**Dr. Dinesh K. Bhoya**

# શિક્ષણ માટે પડકારૂપ ગરીબી-બેકારી-એક સમસ્યા

ગરીબી-બેકારી તથા વસ્તી વધારા જેવી સમસ્યાઓ એ ભારતીય સમાજની ઘણી ગંભીર અને વારંવાર ચર્ચાસ્પદ બનતી મહત્વની સમસ્યાઓ છે. ગરીબીની સમસ્યા અને ગરીબો પર વીસમી સદીના બીજા દસકા દરમ્યાન આપણું ધ્યાન ખેંચાયું છે. બ્રિટિશ શાસન દરમ્યાન ઘણા લાંબા સમય સુધી ગરીબો પ્રત્યે આપણે આંખ આડા કાન કર્યા છે. સ્વતંત્રા બાદ આપણે ગરીબોની વાસ્તવિકતા અને તેની સામાજિક જવાબદારી સ્વીકારીને તેને દૂર કરવા માટેના પ્રયત્નો કર્યા છે. આ લેખમાં બેકારી અને ગરીબી એટલે શું ? તેની પાછળ કયા પરિબળો જવાબદાર છે અને તેને દૂર કરવા માટે સરકાર દ્વારા કયા કયા પ્રયત્નો કરવામાં આવ્યા છે તેના વિશેની ચર્ચા કરવામાં આવી છે.

ગરીબીનો ખ્યાલઃ

ગરીબીનો ખ્યાલ જુદા જુદા સમયે જુદા જુદા સમાજમાં બદલાતો રહ્યો છે. ગરીબી એ એવી પરિસ્થિતિ છે જેમાં વ્યકિત પોતાની પાસે શું છે અને શું હોવું જોઈએ તેના વિશે વિચારે છે. બરસ્ટેન હેનરી એ ગરીબી માટેના નીચેના પરિણામો નક્કી કર્યા છે.

(1) જીવન ધોરણની ખામી

(2) અપૂરતા સાધનો (પૈસા, જમીન)

(3) અસુરતા અને હતાશાની લાગણી

(4) સાધનોની ખામી પૂરવા માટે સામાજિક સંબંધો વિકસાવવા અને જાળવવાની અક્ષમતા

બીજી રીતે કહીએ તો ગરીબા એ સમાજની ભેટ છે. જેમાં, ઓછા સાધનો, નીચી રાષ્ટ્રીય આવક, નીચી માથાદીઠ આવક, આવક સંપતિની વહેંચણીમાં અસમાનતા જેવી બાબતો છે. સમાજશાસ્ત્રીય રીતે કહીએ તો ગરીબી એ એક વિષચક્ર છે. ગરીબી એટલે જેઓ ગરીબી પડોશમાં રહે છે, જેઓ પોતાના બાળકોને સ્કૂલે મોકલવા માટે અશકત છે, જેઓ પોતે એકલા જ ગરીબ નથી અર્થાત્ તેઓ બધી રીતે ગરીબ છે. ખોરાક, આરોગ્ય, રહેઠાણ જેવી અનેક બાબતોથી તે ગરીબ છે. સરળ શબ્દોમાં કહીએ તો ગરીબી એ એક પ્રકારની અભાવની સ્થિતિ છે. કોઈ એક સમાજમાં કોઈ એક વર્ગના લોકો જેટલા પ્રમાણમાં અમુક વસ્તુઓ અને સેવાઓનો ઉપયોગ કરતા હોય તેટલા પ્રમાણમાં તે જ સમાજના બીજા વર્ગના લોકો વપરાશ ન કરી શકતા હોય તો તેમને ગરીબી ગણવામાં આવે છે. WHO ના પ્રથમ ડિરેકટર જનરલ લોર્ડ લોઈડ ઓરેએ 1945 માં ભુખમરાની રેખાનો ખ્યાલ રજૂ કરી ગરીબીની રેખાનો ખ્યાલ વિકસાવવામાં આવ્યો છે. "જે વ્યકિત ગરીબીની રેખા નીચે આવેલી છે એટલે કે પોતાની મર્યાદિત આવક વડે પ્રાથમિક જીવન જરૂરીયાતની વસ્તુઓ પૂરતા પ્રમાણમાં ખરીદવા અશકિતમાન છે." આમ ગરીબીનો અર્થ જુદી જુદી રીતે સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ભારત વિશ્વમાં ઔધોગિક ઉત્પાદનમાં 19મું સ્થાન ધરાવે છે. છતાં પણ મોટા ભાગની એ વસ્તી એ ઘણી જ ગરીબી છે. યુનાઈટેડ નેશન્સ હયુમાન ડેવલપમેન્ટના ઈન્ડેક્ષમાં ત્રણ પરિણામો દર્શાવ્યા છે. આયુસંભાવિતતા, શૈક્ષણિક ધ્યાન તથા GDP એ ખરીદવાની સતાનાં સંદર્ભમાં આ ત્રણ પરિણામોના સંદર્ભમાં 174 દેશોમાંથી ભારતનો નંબર 134 મો આવે છે. પ્લાનીંગ કમીશનના અહેવાલ પ્રમાણે ગરીબી રેખા નીચે જીવતા લોકોનું પ્રમાણ ધીમે ધીમે ઘટતું જાય છે. 2010-11 માં 57.5% હતી. જે 2011-14માં 52.74% હતી.

2013-14 માં 39.9% માં 21.1% હતી. યુ.એન.ડી.પી.ના જણાવ્યા પ્રમાણે ભારતમાં ગરીબ લોકોની સંખ્યા 2010માં 610 મિલિયમ હતી. અર્થાશાશ્ત્રીઓ અને વર્લ્ડબેંકના જણાવ્યા પ્રમાણે આશરે 710 મિલિયં લોકો ગરીબી રેખા નીચે જીવે છે જે પાકિસ્તાન અને બાંગ્લાદેશ બંનેને ભેગા કરીએ તેટલી છે.

આમ ગરીબીના આંકડાઓનો વિષય એ હંમેશા ચર્ચાસ્પદ રહ્યો છે, અને વિદ્વાનો દ્વારા ગરીબીના અંદાજ અને ગરીબી રેખા નીચે જીવતા લોકો વિશે મતમતાંતરો પ્રવર્તે છે. ભારતમાં ગરીબીના પ્રમાણ અંગેના અંદાજો અંગે મિન્હાસ, ઓઝા, દાંડેકર અને રથ જેવા અનેક વિદ્વાનો દ્વારા અભ્યાસો કરવામાં આવ્યા છે. છતાં પણ એક વાત ચોક્કસ છે કે ભારતમાં ગરીબીરેખા નીચે જીવતા અનેક લોકો વસે છે. સ્વતંત્રતા બાદ અનેક પ્રયત્નો કર્યા છતાં હજુ આપણે ગરીબીને દૂર કરી શકયા નથી તેની પાછળના કારણોને નીચે પ્રમાણે ગણવામાં આવે છે.

કારણોઃ-

ગરીબીના કારણો માટે બે અંતિમ અભિગમો પ્રવર્તે છે. એક અભિગમ કે જેમાં ગરીબી એ વ્યકિતના ભૂતકાળ સાથે, કર્મ સાથે સંકળાયેલી બાબત છે, જ્યારે બીજો અભિગમ એ પ્રાપ્ત કરેલી ગરીબી કે જે વ્યકિતની કામ કરવાની અશકિત અને પ્રેરણાની ખામીને કારણે પ્રવર્તે છે.

ડેવીડલેશ એ ગરીબી માટેના ત્રણ પરિબળોદર્શાવે છે. (1) વ્યકિત (2) સંસ્કૃતિ, પેટા સંસ્કૃતિ (ગરીબાઈ) (3) સામાજિક રચનાતંત્ર તથા સમાજનો ઢાંચો

ભારતમાં પ્રવર્તમાન ગરીબી માટે કોઈ એક કારણ નહી પરંતુ નીચે પ્રમાણેના અનેક કારણો જવાબદાર છે.

(1) પછાત ખેતીક્ષેત્ર (2) ભૂમિહિન ગ્રામીણ કુટુંબોનું પ્રમાણ (3) સંયુકત કુટુંબપ્રથા (4) વસ્તી વૃદ્ધિનો ઊંચો દર (5) શ્રમિકોની નીચી સિમાન્ત ઉત્પાદકતા (6) ઔધોગિક ક્ષેત્રમાં માનવીય સાધનોનો અલ્પ વપરાશ (7) આર્થિક અસમાનતા (8) દલીતોના સંગઠનોનો અભાવ (9) કુદરતી સંપતિનો અલ્પ ઉપયોગ (10) સતત વધતા ભાવો (11) ખામી ભરેલી વહેંચણીની વ્યવસ્થા (12) પ્રણાલિકાગત સામાજિક માળખું (13) માનવશકિતના આયોજનનો અભાવ તથા (14) ગરીબીનું વિશચક્ર.

આવા અનેક કારણો વત્તેઓછે અંશે ગરીબી માટે જવાબદાર ગણવામાં આવે છે.

બેકારીનો અર્થ અને વ્યાખ્યાઃ

બેરોજગારી એ માનવસમાજની વ્યકિતગત અને સામાજિક વિઘટનની સમસ્યા છે. ભારત જેવા વિકસતા જતા દેશોમાં બે રોજગારીની સમસ્યા દિન-પ્રતિદિન ગંભીર સ્વરૂપ ધારણ કરતી જોવા મળે છે. બે રોજગારીએ સમાજની અર્થવ્યવસ્થા સાથે સંકળાયેલી બાબત હોવા છતાં સમગ્ર સમાજ વ્યવસ્થામાં તે વિઘટનકારી પરિણામો સર્જે છે.

જાણીતા અર્થશાસ્ત્રી પ્રો. પિગુની વ્યાખ્યા મુજબ કામ કરવાની ઈચ્છા હોવા છતાં કોઈ વ્યકિતને કામ ન મળે તો તેવી વ્યકિતને ‘બેકાર’ કહેવાય અને આવી સ્થિતિને ‘બેકારી’ કહેવાય. લોર્ડ બેવરીજ ના મતે “મનુષ્યની કામ કરવાની ઈચ્છા હોવા છતાં તેને કામ ન મળતું હોય ત્યારે તેવી સ્થિતિને ‘બેરોજગારી’ કહેવાય” ફેર ચાઈલ્ડ નોંધે છે કે “સામાન્ય સ્થિતિમાં શ્રમિકોને તેમની ઈચ્છા વિરૂદ્ધ અને બળપૂર્વક પ્રવર્તમાન શ્રમ કાર્યથી અલગ કરી દેવાતા હોય ત્યારે તેવી સ્થિતિને બેકારી મેળવવા માટે પોતાને અનુકૂળ આવે તેવું કામ કરવા ઈચ્છતો હોય પરંતુ તેને પોતાને અનુકૂળ કામ મળી શકતું ન હોય તો તેવી સ્થિતિવે બેકારી તરીકે ઓળખાવી શકાય.

સમાજશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુથી બેકારીની વ્યાખ્યા આપતા ગિલિન લખે છે કે, "પોતાની અને પોતાના કુંટુંબની જરૂરિયાતોની પૂર્તિ માટે પોતાની કમાણી ઉપર આધાર રાખતી વ્યકિતને જ્યારે લાભપ્રદ કામ કે રોજગારી મળી શકે નહી ત્યારે તેવી સ્થિતિને 'બેકારી' કહેવાય."

ભારતમાં બેરોજગારીનો પ્રશ્ન બ્રિટીશ શાસન દરમ્યાન પણ હતો પરંતુ વસ્તીનું પ્રમાણ મર્યાદિત હોવાથી આ પ્રશ્ન ગંભીર લાગતો નહિ. પરંતુ આઝાદી પછી આ પ્રશ્ન એ ચિંતાનું રૂપ ધારણ કરેલું હતું. ભારતમાં બેકારીના સ્વરૂપને બે વિભાગમાં વહેંચવામાં આવે છે. (1) ગ્રામ્ય બેકારી (2) શહેરી બેકારી

ગ્રામ્ય બેકારીઃ

ભારત એ ગામડાનો બનેલો દેશ છે. ગ્રામીણ અર્થવ્યવસ્થાનો પાયો એ ખેતી છે. કુલ વસ્તીના આશરે 76% લોકો ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ગ્રામ વિસ્તારમાં મૌસમી અને પ્રચ્છન્ન પ્રકારની બેકારી જોવા મળે છે.

મૌસમી બેકારી એટલે ભારતની ખેતી વ્યવસ્થાનું માળખું એ કુદરત પર આધારિત છે. ભારતમાં વરસાદનું પ્રમાણ અનિયમિત, અનિશ્ચિત અને અનિર્ણિત છે જ્યારે વરસાદ વધુ થાય ત્યારે ખેતીમાં ઉત્પાદન વધુ થાય અને દુષ્કાળ કે કુદરતી વિરુદ્ધ પરિસ્થિતિમાં રોજગારીની તકો ઓછી મળે છે. વર્તમાન લમયમાં મૌસમી બેકારીનું પ્રમાણ અંદાજે 2.5 કરોડથી 3 કરોડનું છે.

પ્રચ્છન્ન બેકારી એટલે ખેતીક્ષેત્રે રોકાયેલા ખેડૂતોને રોજગારી પ્રાપ્ત થાય તેવું લાગે છે. પરંતુ વાસ્તવમાં તેમને અન્ય. વ્યવસાયમાં રોજગારી પ્રાપ્ત ન થતા ખેતી કામમાં તેઓ રોકાયેલા રહે છે. આમ ખેતી કામમાં ખરેખર જેટલા લોકોની જરૂરત હોય તેના કરતાં વધુ લોકો રોકાયેલા રહે છે.જેમની ઉત્પાદકતા શૂન્ય હોય છે.
ભારતમાં અંદાજે 26% જેટલી શહેરીમાં રહે છે. ગ્રામ્ય વિસ્તારના પ્રમાણમાં શહેરોમાં વ્યવસાયની તકો વધુ હોય છે છતાં શહેરી વિસ્તારોમાં પણ બેકારીનું પ્રમાણ નીચે મુજબ જોવા મળે છે.

(1) શિક્ષિત બેકારીઃ

જે ખામી ભરેલી શિક્ષણ આપવાની અપૂરતી સગવડતાઓ, વ્હાઈટ કોલર જોબની મનોવૃત્તિ, માનવ શકિતનું આયોજન ખામી ભરેલું તથા શિક્ષિત લોકોમાં ગતિશીલતાના અભાવને કારણે શિક્ષિત બેકારી જોવા મળે છે.

(2) ચક્રિય બેકારીઃ

વ્યાપાર ચક્રના તેજી-મંદીના તબક્કાઓ રોજગારીને અસરકર્તા હોય છે. તેમાંથી ચક્રિય ઉદ્દભવે છે.

(3) યંત્રજન્ય બેકારીઃ-

ભારતમાં આધુનિકરણ અને મૂડીપ્રધાન પદ્ધતિઓ તરફનો વધતો જતો પ્રવાહ એ નવા નવા યંત્રો અને આધુનિક ટેકનોલોજીનો વધતો ઉપયોગ એ યંત્રજન્ય બેકારી વધારે છે.

(4) અર્ધ બેકારીઃ

નાના નાના વ્યવસાયવાળા લોકોને આખા દિવસનું કામ ન મળે ત્યારે તેઓ અર્ધ બેકાર કહી શકાય.

(5) અનિયમિત બેકારીઃ

શહેરી વિસ્તારોમાં કેટલાક ઉદ્યોગ ધંધામાં નિયમિત રોજગારી મળતી હોતી નથી. તેથી તેઓ અનિયમિત બેકારી બેકારી ભોગવતો તેમ કહી શકાય.

(6) મોસમી બેકારીઃ

જેમ ગામડામાં મોસમી બેકારી આબોહવા ઉપર આધારિત હોય છે. તેવી રીતે શહેરમાં કેટલાક ઉદ્યોગ ધંધા જેવા કે ફટાકડા, દિવાલી કાર્ડ, પતંગ, વિગેરે મૌસમા હોય છે. મૌસમી હોય ત્યારે રોજગારીનું પ્રમાણ રહે, મૌસમ પૂરી થતાં આવા એકમો બંધ કરવા પડે.

આમ ભારતમાં બેકારી ભિન્ન ભિન્ન સ્વરૂપ ધરાવે છે. ભારતમાં બેકારી માટેના નીચે પ્રમાણેના કારણો જવાબદાર ગણી શકાય.

(1) વસ્તી વૃદ્ધિ (2) આર્થિક વિકાસનો નિમ્નદર (3) ગરીબી (4) વ્યવસાયિક રચનાની સ્થગિતતા (5) ઉદ્યોગિકરણ (6) શૈક્ષણિક વિકાસ વચ્ચે અસમતુલા (7) જીવન ઉપયોગી શિક્ષણ આપવાની નિષ્ફળતા (8) અલ્પ સમામાજિક ગતિશીલતા (9) શારીરિક શ્રમ અંગેના પરંપરાગત ખ્યાલો (10) કાર્યદક્ષ અને કુશળ નિયોજકોની તંગી (11) ખામીયુકત મુડી રોકાણ પદ્ધતિ અને આયોજન (12) ભારતનું પછાત ખેતીમાળખું (13) વ્યકિતગત કારણો.

આમ ઉપરોકત ભિન્ન ભિન્ન કારમોને પરિણામે ભારતમાં જે પ્રથમ યોજના દરમ્યાન 53 લાખ બેકારો હતા તેને બદલે આઠમી યોજનાના અંતે 500 લાખ લોકો બેકાર જોવા મળ્યા છે. આમ બેકારીનો આંક કુદકે ને ભૂસકે વધતો જાય છે. સ્વતંત્રતા બાદ ભારતમાં આયોજન દ્વાર, જુદી જુદી પંચવર્ષિય યોજનાઓ દ્વારા અને અનેક વિધ કાર્યક્રમો દ્વારા ગરીબી, બેકારી નિવારણના પ્રયત્નો કરવામાં આવ્યા છે. પ્રથમ ત્રણ પંચવર્ષીય યોજન સુધી સરકારે ગરાબી, બેકારીની સમસ્યાનો ગંભીરતાથી સ્વીકાર કર્યે ન હતો. પરંતુ ત્યાર બાદ આ પ્રશ્નને હલ કરવા માટે પાંચમી-છટ્ઠી યોજનામાં પ્રયત્નો કરવામાં આવ્યા અને આટમી યોજનાની રૂપરેખામાં જણાવ્યા પ્રમાણે “સરકાર ખાનગીકરણનો રાહ લઈ રહી છે છતાં સમાજના ઉપેક્ષિત વર્ગો ગરીબોને રક્ષણ પૂરું પાડવા રાજ્ય કરકારોની દરમ્યાનગીરી ચાલુ રહેશે. અનાજનો પૂરતો પૂરવઠો પૂરો પાડી ફુગાવાનું નિયંત્રણ કરી, અસરકારક જાહેર વિતરણ વ્યવસ્થા ગોઠવીને તેમજ રોજગારીની તકો ઉભી કરીને ગરીબ વર્ગને રક્ષણ પૂરું પાડવામાં આવશે. 15 ઓગષ્ટ 1996 માં સ્વ. રાજીવ ગાંધી 20 મુદ્દાના કાર્યક્રમને નવું સ્વરૂપ આપી 10 મુદ્દાના કાર્યક્રમ ઘડવામાં આવ્યા. જેમાં (1) ગરીબી હટાવવાના કાર્યક્રમો દરેક ગામડાના પ્રત્યેક ગામવાસી સુધી પહોંચે તેની ખાતરી કરવી. (2) રોજગારીના કાર્યક્રમોને જે તે વિસ્તારના વિકાસ કાર્યક્રમો સાથે સુસંકલિત કરવા (3) પંચાયતો, સરકારી સંસ્થાઓ અને સ્થાનિક સંસ્થાઓને પુનઃચેતનવંતી કરવી (4) જમાન સુધારા અન્વયે જમીનના રેકર્ડ પૂરા તૈયાર કરવા ટોચ મર્યાદાનો અમલ કરવો. જમીન વિહોણા લોકોને જમીનની વહેંચણી કરવી (5) પશુપાલન, ડેરી ઉદ્યોગ, મત્સ્યોદ્યોગને પ્રોત્સાહન આપવું (6) ગ્રામીણ મજૂરો માટેના ખાસ કાર્યક્રમો જેમ કે લધુત્તમ વેતનનો અમલ, વેઠપ્રથા નાબુદી ધારાનો અમલ, વેઠિયાઓનો પુનઃવસવાટની વ્યવસ્થા કરવી.

આ ઉપરાંત પછાત વિસ્તારો માટે પીવાના પાણીની યોજના, આરોગ્ય સુવિધાઓ, શિક્ષણ વ્યવસ્થા, સ્ત્રીઓના અસમાનતા માટેના પ્રશ્નો વગેરે કાર્યક્રમો બનાવવામાં આવ્યા. ગરીબી બેકારી નાબુદી માટે નીચે મુજબના વિશિષ્ટ કાર્યક્રમો પંચવર્ષિય યોજનાઓ દરમ્યાન ઘડવામાં આવ્યા.

(1) નાના ખેડૂતોના વિકાસની સંસ્થાઃ જે.વી.વૈકટપૈયાહ સમિતિની ભલામણ

અનુસાર 1969-70માં આસંસ્થાની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થાનો હેતુ નાના ખેડુતોને સ્વનિર્ભર કરવાનો છે. S.F.D.A એ જિલ્લા કક્ષાએ નોંધાયેલી મંડળી છે, જે નાના ખેડુતોને શોધી તેમના પ્રશ્નો જાણી તેમને વિવિધ ખેત સાધનો પૂરા પાડવામાં સહાયરૂપ થવામાં એક માધ્યમ તરીકે કામ કરે છે.

(2) સીમાન્ત ખેડૂતો અને ખેત મજૂરોની સંસ્થાઃ-

1969-70માં આ સંસ્થાની રચના કરવામાં આવી. આ સંસ્થા દ્વારા સીમાન્ત ખેડૂતોને ખેતી ક્ષેત્રે ઉત્પાદન વધારવામાં માટે ધિરાણ આપવામાં આવે છે. તે ઉપરાંત સીમાન્ત ખેડૂતોને ખેતી ક્ષેત્રે ઉત્પાદન વધારવા માટે

ધિરાણ આપવામાં આવે છે. તે ઉપરાંત સીમાન્ત ખેડૂતો તથા ખેત મજૂરોને પશુપાલન, મરઘા ઉછેર, વગેરે આનષંગિક આર્થિક પ્રવૃત્તિ માટે ધિરાણ અને માર્ગદર્શન આપે છે. છટ્ઠી યોજનામા S.F.D.A અને M.E.A.L જેવા કાર્યક્રમોને સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમ I.R.D.P હેઠળ આવરી લેવામાં આવેલ છે.

(3) સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમઃ

1980 ના બીજી ઓકટોબરે દેશના 5011 બ્લોકમાં આ કાર્યક્રેમનો અમલ શરૂ થયો. આ કાર્યક્રમનો હેતુ રોજગારીની તકો ઉભી કરીને ચોક્કસ જૂથના લોકોની આવકનું ધોરણ ઉંચું લાવવાનો છે. આ આવક જૂથમાં નાના અને સીમાન્ત ખેડૂતો, જમાન મજૂરો, કારીગરો, વિગેરેવનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમના અમલ માટે દરેક જિલ્લામાં એક ખાસ વહીવટી તંત્ર ઉભું કરવામાં આવ્યું છે. જેને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી એવું નામ આપવામાં આવ્યું છે. I.R.D.P. કાર્યક્રમ હેઠળ છટ્ઠી યોજનામાં 4593.98 કરોડ ફાળવ્યા હતા. 1990-91ની એક વર્ષીય યોજનામાં 978.78 કરોડ ફાળવ્યા હતા. આ કાર્યક્રમ હેઠળ નાના ખેડૂતોને નાની સિંચાઈ, પશુપાલન, ગ્રામ કુટીર ઉદ્યોગ, મત્સ્યદ્યોગ, ખેતી માટે આર્થિક સહાય કરવામાં આવે છે.

# Green Flag Foundation , Sonasan

Sabarkantha, Gujarat - 383210,IND.
Web: www.eternityzxy.com , emai : patelrjsh4@gmail.com,
Contect no : +91 9724590815,

Eternity Literature & Social Science Review Journal

Eternity Literature & Social Science Review Journal Eternity Literature & Social Science Review Journal


ELSSRJ
e-Journal For Scholar

Eternity Literature & Social Science Review Journal

**ISSN 2456–3528**


## Certificate of Article

This is to certify that our Editorial board and Peer review team accepted the Article Under title Shikshan Mate Padakarrup Garibi-Bekari - Ek Samasya. Which is submitted by Dr. K.B. Chaudhari . This Research Article is original and innovative. It is double blind peer re-viewed. This paper is published in Volume –II, Issue- II (April-2017 Issue).

CHIEF EDITOR
Eternity Literature &
Social Science Review Journal